વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી રાજ્ય બજેટ હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
હુકમ ક્રમાંક: **બજટ/૧૦૨૦૨૧/૩૦૯/સ-૪**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:
(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક
(૨) વિભાગની સ-૧ શાખાની ફાઈલ ક્રમાંક : અછત/૧૦૨૦૧૯/૨૪૨૮/સ.૧ પર તા. ૧૮.૦૬.૨૦૨૧ના રોજ ગ્રાન્ટ ફાળવવા મળેલ મંજૂરી

**હુકમ:**

રાજ્યમાં દુષ્કાળ વર્ષ : ૨૦૧૮-૧૯ દરમિયાન કલેક્ટરશ્રી, કચ્છ દ્વારા મંજુરી આપેલ અબડાસા-લખપત તાલુકાના ૧૦ કેટલકેમ્પોને રૂ.૩૨,૯૦,૯૪૫.૦૦ (અંકે રૂપિયા બત્રીસ લાખ નેવું હજાર નવસો પિસ્તાળીસ પુરા)ની ગ્રાન્ટની ફાળવણી કરવા વંચાણે લીધા (૨)થી મંજૂરી મળેલ છે.

આથી કલેક્ટરશ્રી, કચ્છને પશુ સહાય ચૂકવવા માટે માંગણી ક્રમાંક: ७૯, મુખ્ય સદર :૨૨૪૫ના પેટા સદર : ૦૧-૧૦૪-૦૨(પાંજરાપોળ ગૌશાળાઓને સહાયકી) સદરે રૂ.૩૨,૯૦,૯૪૫.૦૦ (અંકે રૂપિયા બત્રીસ લાખ નેવું હજાર નવસો પિસ્તાળીસ પુરા)ની ગ્રાન્ટની ફાળવણી નીચેની શરતોને આધીન કરવામાં આવે છે.

**શરતો :**

- આ ગ્રાન્ટ અંગેનો ખર્ચ ચાલુ વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે તેમજ આ સાથે છુટી કરવામાં આવેલ ગ્રાન્ટમાંથી માંગણી નં-७૯, મુખ્ય સદર:૨૨૪૫ કુદરતી આફતો અંગે રાહતમાં ઉકત પેટા સદરો હેઠળ ખર્ચ કરવાનો રહેશે.
- આ હૂકમથી ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં.
- આ અંગેના તમામ હિસાબો મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકની કચેરીના હસ્તકની આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ તમામ કચેરીઓએ યોગ્ય સદર પેટા સદરે કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં રાહત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- કલેકટરશ્રી, કચ્છ .
- મુખ્ય હિસાબી અધિકારી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના-

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલની કચેરી, ઓડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- સેકશન અધિકારી (સ-૧) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ સ-૪ શાખા